# મોદીનાં સગાંવહાલાંઓ શું કરે છે?
# સન્ડે મોર્નિંગ-સૌરભ શાહ

નરેન્દ્ર દામોદરદાસ મોદીના પાંચ સગા કાકાઓ. નરસિંહદાસ, નરોત્તમભાઈ, જગજીવનદાસ, કાન્તિલાલ અને જયંતીલાલ. દામોદરદાસ સૌથી મોટા. છએયના પિતા મૂળચંદ મગનલાલ ગાંધી જે વડનગરમાં ઘાંચીનું કામ કરતા.

દામોદરદાસને પાંચ દીકરા અને એક દીકરી. સૌથી મોટા સોમભાઈ ૭૫ વર્ષના, એમનાથી નાના અમૃતભાઈ જે ૭૨ વર્ષના, ત્રીજા નંબરે આપણા નરેન્દ્રભાઈ (૬૬) અને એ પછી પ્રહ્લાદભાઈ (૬૪), વસંતબેન (૬૧) અને પંકજભાઈ (૫૮).

દામોદરદાસ અને હીરાબાના ત્રીજા નંબરના સપૂત નરેન્દ્ર મોદીના સગા ભાઈઓમાંથી સગા કાકાઓના દીકરાઓમાંથી કોઈ જાહોજલાલીમાં જીવતું નથી. મોદી ૧૩ વર્ષ ગુજરાતના મુખ્ય મંત્રી રહ્યા. ૨૦૧૪થી ભારતના પ્રધાન મંત્રી છે. ભાઈ-ભત્રીજાઓ આજે કરોડપતિઓ હોત. ભારતના બધા પોલિટિશિયનો આ જ ધંધા કરી રહ્યા છે. કૉન્ગ્રેસમાં હોય કે બીજા કોઈ પણ પક્ષમાં સૌ કોઈ પોતપોતાનાં સગાં-વહાલાં, સાઢુ-બનેવી, મિત્રો-પાડોશીઓને સેટલ કરવામાં લાગી જાય છે. આવું કરવાના ત્રણ ફાયદા. એક તો, ભવિષ્યમાં આ જ લોકો પોતાને આર્થિક સલામતી બક્ષી શકે. બીજું, પોતાની બે નંબરી આવકનો બેનામી કારોબાર એમને સોંપી શકાય અને ત્રીજું: એમને સેટલ થયેલા જોઈને બીજાઓ પણ પોતાની પાસે ફેવર્સ માગવા આવે અને એમને લાભો અપાવીને પોતે ઔર મજબૂત બની શકે. નરેન્દ્ર મોદીને આવી કંઈ પડી નથી, કારણ કે મોદી ભવિષ્ય માટે ઈન્સિક્યોર્ડ નથી, કારણ કે મોદીનો કોઈ બેનંબરી કારોબાર નથી, કોઈ બેનામી સંપત્તિનો વહીવટ કરાવવાનો નથી એમણે, કારણ કે મોદીએ કોઈનેય ફેવર કરવી નથી, કારણ કે એમને કોઈનીય ફેવર જોઈતી નથી. એ જે કામ કરે છે અને ભવિષ્યમાં કરવા માગે છે એમાં કુદરત અને ભારતની સવાસો કરોડની જનતા એમને સાથ આપી રહી છે, આપતી રહેશે.

મોદીનાં સગાંવહાલાં શું કરી રહ્યાં છે. તમે જાણશો તો તમારી આંખમાંથી બે આંસુ ટપકી પડશે. એક આંસુ આ સગાંઓની અત્યારની પરિસ્થિતિ માટે અને બીજું આ સગાંઓની ખુમારી માટે. પોતાનો સગો ભાઈ કે કાકો કે મામો પીએમ હોય છતાં કરોડપતિ-અબજોપતિ બનવાનાં સપનાં જોયાં વગર પોતે જે મહેનતની કમાણી કરે છે એમાં સંતુષ્ટ રહેવું. મોદી જ નહીં, એમનું આ આખુંય ખાનદાન દેશ માટે વંદનીય છે. ભૂતકાળમાં જો આપણને તમામ પ્રધાન મંત્રીઓ, અન્ય રાજકારણીઓ અને એ સૌનાં ખાનદાનો આવાં જ મળ્યાં હોત તો આ દેશ આજે ક્યાંનો ક્યાં હોત?

મોદીના કુટુંબીજનો શું કરે છે એ વિશેની ઑથેન્ટિક માહિતી ઉદય માહુરકરે ઘણી મહેનતથી એક અંગ્રેજી મેગેઝિન માટે ભેગી કરી છે જે અહીં શેર કરી છે: નરેન્દ્ર મોદીના સૌથી મોટાભાઈ સોમભાઈ કહેતા હોય છે કે, 'હું નરેન્દ્ર મોદીનો ભાઈ છું, હું વડા પ્રધાનનો ભાઈ નથી. મારી અને એમની વચ્ચે એક અદૃશ્ય દીવાલ છે તે તમે લોકો જોઈ શકતા નથી, માત્ર હું જ જોઈ શકું છું. એમના માટે હું સવાસો કરોડ ભારતીય જેવો જ એક છું'. છેલ્લાં અઢી વર્ષથી સોમભાઈ એમના આ જગપ્રસિદ્ધ ભાઈને મળ્યા નથી. ક્યારેક ફોન પર વાત થાય એટલું જ. નરેન્દ્ર મોદીના નાના ભાઈ પંકજ ગુજરાત સરકારના માહિતી ખાતામાં નોકરી કરે છે. પંકજભાઈ સોમભાઈ કરતાં નસીબદાર છે, કારણ કે માતા હીરાબા એમની સાથે રહે છે અને મોદી ગાંધીનગરના એ ઘરે માને મળવા વરસમાં કસમે કમ એકબે વખત તો આવતા જ હોય છે.

મે મહિનામાં નરેન્દ્ર મોદીએ અઠવાડિયા માટે એમનાં મમ્મીને દિલ્હીમાં પોતાના ઘરે રહેવા માટે બોલાવ્યાં હતાં. અ ઠવાડિયા માટે જ. બાકી ભારતમાં પ્રાઈમ મિનિસ્ટરો કુટુંબ કબીલા સાથે સરકારી ખર્ચે પીએમનિવાસમાં રહેતા હોય છે. મોદી તો ૭, રેસકોર્સ રોડમાં રહીને પોતાના ખાવાપીવા સહિતનો તમામ અંગત ખર્ચ પોતાને મળતા પગારમાંથી કરે છે એવું એક રાઈટ ટુ ઈન્ફર્મેશનની અરજીના જવાબમાં બહાર આવ્યું.

પંડિત નેહરુ પોતાની દીકરી સાથે વડા પ્રધાન નિવાસમાં રહેતા, લાલ બહાદુર શાસ્ત્રી તે વખતના ૧, મોતીલાલ નેહરુ પ્લેસના પીએમ હાઉસમાં રહેવા આવ્યા ત્યારે પુત્રો, પૌત્રો સહિતનું આખું ધાડું સાથે રહેવા માટે લાવ્યા હતા. ઈન્દિરા ગાંધીની સાથે એમના બે પુત્રો અને બેઉ પુત્રોનાં પત્ની-બાળકો પણ પીએમ હાઉસમાં જ રહેતાં. અવિવાહિત અટલ બિહારી વાજપેયીએ સુધ્ધાં એમની માનેલી દીકરી નમિતા ભટ્ટાચાર્ય અને એના પતિ રંજનના કુટુંબને પોતાની સાથે રહેવા માટે પીએમ હાઉસમાં બોલાવી લીધેલાં. મોદી વડા પ્રધાનના નિવાસસ્થાને કોઈ કુટુંબીજનને સાથે રાખતા નથી. આટલો બહોળો પરિવાર હોવા છતાં એકલા જ રહે છે.

આ બહોળા પરિવારના સભ્યો કરે છે શું?

નરેન્દ્ર મોદીના બીજા મોટા ભાઈ અમૃતભાઈ ૨૦૦૫માં એક પ્રાઈવેટ કંપનીમાં ફિટરની નોકરી કરીને નિવૃત્ત થયા ત્યારે એમનો માસિક પગાર રૂ. ૧૦,૦૦૦ હતો. અમૃતભાઈ અમદાવાદમાં ઘાટલોડિયા વિસ્તારમાં એમના દીકરા સંજય સાથે રહે છે. ૪૭ વર્ષના સંજય આઈટીઆઈ સર્ટિફિકેટ મેળવીને પોતાના લેથ મશીન પર એન્જિનિયરિંગ સ્પેર પાર્ટ્સ બનાવવાનું નાનકડું કામકાજ કરે છે. સંજયનો દીકરો નીરવ અને દીકરી નિરાલી બેઉ એન્જિનિયરિંગનું ભણે છે. સંજયે ૨૦૦૯ની સાલમાં એક ગાડી ખરીદી હતી, જે એમના ઘરની બહાર ઢંકાઈને પાર્ક થયેલી છે. કુટુંબના સભ્યો ભાગ્યે જ વાપરે છે, મોટે ભાગે ટુ વ્હીલરનો જ ઉપયોગ કરે છે. સંજયના ફેમિલીમાંથી કોઈએ હજુ વિમાનપ્રવાસ કર્યો નથી. મોદીના સગા ભત્રીજા સંજય અમૃતલાલ મોદી કહે છે કે, ‘અમે લોકો ૨૦૦૩માં કાકા સીએમ હતા ત્યારે ગાંધીનગરના એમના ઘરે આખા પરિવારને મળવા બોલાવ્યા ત્યારે મળ્યા હતા. એ પછી છેક ૧૬ મે ૨૦૧૪ના રોજ (લોકસભાની ચૂંટણીનાં પરિણામ આવ્યા ત્યારે) ગાંધીનગરના એમના ઘરે મળ્યા હતા.’ અત્યાર સુધીમાં બસ, બે જ વાર.

નરેન્દ્ર મોદીના બીજા એક ભાઈ પ્રહ્લાદ મોદીની રાશનની દુકાન છે. નરેન્દ્ર મોદીના કાકા નરસિંહદાસના દીકરા અશોકભાઇ વડનગરના ધીકાંટા બજારમાં રેંકડી ફેરવીને પતંગ, ફટાકડા અને નાસ્તાની સીઝનલ ફેરી કરતા હતા - હવે એમણે આ જ કામકાજ માટે મહિને દોઢ હજારના ભાડા પર આઠ બાય ચારની દુકાન કરી છે. અને મહિને રૂ. ૪,૦૦૦ કમાય છે. એમનાં પત્ની વીણાબહેન ગામના એક જૈન વેપારીના સદાવ્રતમાં કામ કરીને મહિને રૂ. ૩,૦૦૦ કમાય છે. અશોકભાઇ પોતે આ સદાવ્રત માટે ખીચડી-કઢી રાંધવાનું કામ કરે અને વીણાબહેન વાસણો ધોવાનું કામ કરે.

અશોકભાઈના મોટા ભાઈ ભરતભાઈ (૫૫) વડનગરથી ૬૦ કિ.મી. દૂર આવેલા, પાલનપુર નજીકના લાલાવાડા ગામના પેટ્રોલ પમ્પ પર અટેન્ડન્ટેની નોકરી કરીને મહિને રૂ. ૬,૦૦૦ કમાય છે. દર દસ દિવસે તેઓ ઘરે આવે છે. વડનગરમાં એમનાં પત્ની રમીલાબહેન પોતાના ભોજક શેરીના ઘરના ઓટલેથી જ શાકભાજી, કરિયાણું વગેરે પરચૂરણ ચીજો વેચીને મહિને રૂ. ૩,૦૦૦ કમાય છે. ત્રીજા ભાઈ ચંદ્રકાન્તભાઈ (૪૮) અમદાવાદમાં દાનધર્માદાથી ચાલતી ગૌશાળામાં સેવક છે.

અશોકભાઈ અને ભરતભાઈના ચોથાભાઈ અરવિંદભાઈ (૬૧) ભંગારની ફેરી કરે છે. વડનગર અને આસપાસના

ગામડાઓમાંથી એસટી બસ અને રિક્ષા દ્વારા ઘરે ઘરે ફરીને પતરાના જૂના ડબા, પૂંઠાનાં ખોખાં અને બીજો ભંગાર ભેગો કરીને વેચે છે, મહિને રૂ. ૬ થી ૭ હજાર કમાય છે જે રકમ 'મારા અને મારી પત્ની રમીલા માટે પૂરતી છે' એવું તેઓ કહે છે. એમને કોઈ સંતાન નથી. ક્યારેક એમની કમાણી મહિને રૂપિયા દસ હજાર જેટલી થઈ જાય છે.

નરસિંહદાસના સૌથી મોટા દીકરા ભોગીભાઇ (૬૭)ની વડનગરમાં કરિયાણાની દુકાન છે. નરસિંહદાસ પણ એમના મોટા ભાઈ દામોદરદાસની જેમ વડનગરના રેલવે સ્ટેશન પાસે ચાની ટપરી ચલાવતા.

દામોદરદાસના બીજા બે ભાઈઓ કાન્તિલાલ અને જયંતીલાલ નિવૃત્ત શિક્ષકો છે. જયંતીલાલનાં દીકરી લીનાના પતિ બસ ક્ધડકટર છે. તેઓ વડનગર પાસેના વીસનગરમાં રહે છે.

મોદી શું કામ મોદી છે તે હવે સમજાય છે.